અહેવાલ સભાગૃહમાં રજૂ થયા

તારીખ: ૧૦-૦૩-૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો

# છઠ્ઠો અહેવાલ

## ચૌદમી ગુજરાત વિધાનસભા

## (૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ

(ગુજરાત ગેસ લિમિટેડમાં અનુસૂચિત જનજાતિના અધિકારીઓ/કર્મચારીઓનું મહેકમ તથા આદિવાસી વિસ્તારોમાં ગેસ વિતરણની વ્યવસ્થા બાબત

## (૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં ચાલતી જળસંપત્તિ અને પાણી પુરવઠા યોજનાઓ બાબત

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
૨૦૨૨

**અહેવાલ સભાગૃહમાં રજૂ થયા**

**તારીખ: ૧૦-૦૩-૨૦૨૨**

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો
# છઠ્ઠો અહેવાલ

## ચૌદમી ગુજરાત વિધાનસભા

## (૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ

(ગુજરાત ગેસ લિમિટેડમાં અનુસૂચિત જનજાતિના અધિકારીઓ/કર્મચારીઓનું મહેકમ તથા આદિવાસી વિસ્તારોમાં ગેસ વિતરણની વ્યવસ્થા બાબત

## (૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં ચાલતી જળસંપત્તિ અને પાણી પુરવઠા યોજનાઓ બાબત

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
૨૦૨૨

Hb-986-03-SIS-10

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(૨૦૨૧–૨૦૨૨ના વર્ષમાં પુનઃરચના)

## પ્રમુખશ્રી

શ્રી મોહનભાઇ ઢોડિયા

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી બચુભાઇ ખાબડ

શ્રી અભેસિંહ તડવી

શ્રી ગણપતભાઇ વસાવા

શ્રી આનંદભાઇ ચૌધરી

શ્રી સુનીલભાઇ ગામીત

શ્રી વિજયભાઇ પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | | |
|---|---|---|
| શ્રી ડી.એમ. પટેલ | – | સચિવ |
| શ્રી વિનોદ રાઠોડ | – | ઉપસચિવ |
| શ્રી જસ્મીન કાવઠીયા | – | સેકશન અધિકારી |

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(૨૦૨૧–૨૦૨૨)

## પ્રમુખશ્રી

શ્રી નરેશભાઈ પટેલ

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઈ કોટવાલ

શ્રી કુબેરભાઈ એમ. ડિંડોર

શ્રી રમેશભાઈ બી. કટારા

શ્રી વજેસિંગભાઈ પણદા

શ્રી અભેસિંહ તડવી

શ્રી આનંદભાઈ ચૌધરી

શ્રી સુનીલભાઈ ગામીત

શ્રી વિજયભાઈ પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

શ્રી જીતુભાઈ ચૌધરી

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | | |
|---|---|---|
| શ્રી ડી.એમ. પટેલ | – | સચિવ |
| શ્રી વિનોદ રાઠોડ | – | ઉપસચિવ |
| શ્રી જસ્મીન કાવઠીયા | – | સેકશન અધિકારી |

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(૨૦૨૦–૨૦૨૧)

## પ્રમુખશ્રી

શ્રી નરેશભાઇ  પટેલ

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી કુબેરભાઇ એમ. ડિંડોર

શ્રી રમેશભાઇ બી. કટારા

શ્રી શૈલેષભાઇ ભાભોર

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી અભેસિંહ તડવી

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી પુનાભાઇ ગામીત

શ્રી અનંતકુમાર પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | | |
|---|---|---|
| શ્રી ડી.એમ. પટેલ | – | સચિવ |
| શ્રી વિનોદ રાઠોડ | – | ઉપસચિવ |
| શ્રી જસ્મીન કાવઠીયા | – | સેકશન અધિકારી |

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(૨૦૧૯–૨૦૨૦)

## <u>પ્રમુખશ્રી</u>

શ્રી મોહનભાઈ ઢોડિયા

## <u>સભ્યશ્રીઓ</u>

શ્રી અશ્વિનભાઈ કોટવાલ

શ્રી અનિલ જોષિયારા

શ્રી કુબેરભાઈ ડિંડોર

શ્રી રમેશભાઈ કટારા

શ્રી શૈલેષભાઈ ભાભોર

શ્રી ચંદ્રીકાબેન બારિયા

શ્રી અભેસિંહ તડવી

શ્રી મહેશભાઈ  વસાવા

શ્રી મંગળભાઈ ગાવીત

શ્રી અરવિંદ સી. પટેલ

## <u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>

| | | |
|---|---|---|
| શ્રી ડી.એમ. પટેલ | – | સચિવ |
| શ્રી વિનોદ રાઠોડ | – | ઉપસચિવ |
| શ્રી જસ્મીન કાવઠીયા | – | સેકશન અધિકારી |

## **અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ**

(૨૦૧૮-૨૦૧૯)

**પ્રમુખશ્રી**

શ્રી મોહનભાઈ ઢોડિયા

**સભ્યશ્રીઓ**

શ્રી કુબેરભાઈ ડિંડોર

શ્રી વજેસિંગભાઈ પણદા

શ્રી ભૂપેન્દ્રસિંહ ખાંટ

શ્રી રમેશભાઈ કટારા

શ્રી ભાવેશભાઈ કટારા

શ્રીમતી ચંદ્રીકાબેન બારિયા

શ્રી અભેસિંહ તડવી

શ્રી છોટુભાઈ વસાવા

શ્રી સુનીલભાઈ ગામીત

શ્રી અરવિંદ  સી. પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | | |
|---|---|---|
| શ્રી ડી.એમ. પટેલ | – | સચિવ |
| શ્રી વિનોદ રાઠોડ | – | ઉપસચિવ |
| શ્રી જીતેન્દ્ર પ્રજાપતિ | – | સેકશન અધિકારી |

# અહેવાલ

હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ, ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરુ છું.

૨. સમિતિએ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકના ગુજરાત ગેસ લિમિટેડમાં અનુસૂચિત જનજાતિના અધિકારીઓ/કર્મચારીઓનું મહેકમ તથા આદિવાસી વિસ્તારોમાં ગેસ વિતરણની વ્યવસ્થા બાબત તથા ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં ચાલતી જળસંપત્તિ અને પાણી પુરવઠા યોજનાઓ અંગે વિભાગ પાસેથી જરૂરી સાહિત્ય મંગાવ્યું હતું, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે તા. ૧૯–૦૨–૨૦૨૦ તથા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે તા. ૨૪–૦૭–૨૦૧૮, ૦૧–૧૦–૨૦૨૦, ૧૨–૧૦–૨૦૨૦, ૨૨–૧૦–૨૦૨૦ અને ૦૫–૧૨–૨૦૨૦ના રોજ જુદા જુદા જિલ્લાઓની માહિતી સમિતિને પૂરી પાડી હતી. આ સાહિત્ય સંબંધમાં સમિતિની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સાથે તા.૧૩–૦૭–૨૦૨૧ ના રોજ તથા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સાથે તા. ૨૪–૦૭–૨૦૧૮, તા. ૧૧–૦૮–૨૦૨૦, તા. ૧૧–૧૧–૨૦૨૦, તા. ૦૮–૧૨–૨૦૨૦ અને ૨૨–૧૨–૨૦૨૦ના રોજ મળેલી તેની બેઠકોમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરુ તપાસ હાથ ધરી હતી. આ સંબંધમાં સમિતિના અવલોકનો/ ભલામણો હવે પછીના ફકરાઓમાં દર્શાવવામાં આવેલ છે.

૩. સમિતિએ તેની તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં આ અહેવાલના મુસદ્દા ઉપર વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

૪. તા.૧૩મી જુલાઈ, ૨૦૨૧ ના રોજ મળેલ સમિતિની બેઠકમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકના ગુજરાત ગેસ લિમિટેડના સાહિત્ય સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂની તપાસ હાથ ધરવામાં આવી.

૫. સમિતિએ ગુજરાત ગેસ લિમિટેડ કંપનીમાં અનુ.જનજાતિની મેનેજરની, ડેપ્યુટી મેનેજરની, સીનીયર એન્જીનીયરની વિગેરે મળીને ૧૧ જગ્યાઓ ખાલી હોવા બાબત પૃચ્છા કરતા વિભાગે જણાવ્યું કે, ગુજરાત ગેસ લિમિટેડ એ એક પ્રોફેશનલ કંપની છે તેને કોઈ સરકારી અનુદાન મળતું નથી. જગ્યાઓ ટેકનિકલ પ્રકારની છે. હાલ બધા મળીને ૨૬ કર્મચારીઓ અનુ.જનજાતિ સમુદાયના છે. કંપની ભવિષ્યમાં ભરતી પ્રક્રિયા કરશે ત્યારે અનુ.જનજાતિના યોગ્ય લાયકાત અને મેરિટ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે તેવી ખાતરી આપી હતી. સમિતિએ રોસ્ટર સંબંધે પૂછતાછ કરતા વિભાગે જણાવેલ કે હાલમાં ગુજરાત ગેસ લિમિટેડની ભરતી પ્રક્રિયામાં રોસ્ટર લાગુ પડતુ નથી તેમજ જળવાતું પણ નથી. **વિભાગના પ્રતિનિધિએ આપેલ ખાતરી મુજબ અનુસૂચિત જનજાતિના યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને હવે પછીની ભરતીમાં પ્રાધાન્ય આપવા સમિતિ ભલામણ કરે છે.**

૬. સમિતિએ આદિવાસી વિસ્તારો જેવા કે વલસાડ, ડાંગ, નવસારી, દાહોદ, તાપી, ભરૂચ વિગેરે જિલ્લાઓ, તાલુકાઓ તથા ગામોમાં ગેસની પાઈપલાઈન નાખવા તથા ગેસ જોડાણ બાબતે શું પરિસ્થિતિ છે તેની વિભાગના પ્રતિનિધિઓ પાસેથી માહિતી મેળવી હતી.

૭. **ચર્ચા દરમિયાન સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે વાપી અને કપરાડા તાલુકો ગેસ વિતરણની બાબતમાં નાસિક સાથે મહારાષ્ટ્ર નેચરલ ગેસ લિમિટેડથી જોડાયેલો છે જેના કારણે ખુબ મુશ્કેલી પડતી હોવાની રજૂઆત સભ્યશ્રીઓ તરફથી કરવામાં આવી હતી. આથી તેને અલગ કરીને ગુજરાતના વિસ્તારમાં લઈ લેવાની સમિતિ ભલામણ કરે છે.**

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

૧. સમિતિએ, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત, ૧૪ આદિવાસી જિલ્લાના તાલુકા તથા ગામોમાં ચાલતી સિંચાઇ યોજનાઓ વિશે ચર્ચા કરી હતી. **સમિતિને લાગે છે કે નદી આધારિત સિંચાઇ માટે જે નાના ચેકડેમો છે તેના સ્થાને જળ સંગ્રહ માટે મોટા ચેકડેમો બનાવવાની, લીફ્ટ ઈરીગેશન કરવાની તાતી જરૂરિયાત છે આથી નાના ખેડૂતોને સિંચાઇના પાણીની સુવિધા મળી રહે તે માટે બજેટમાં તેની જોગવાઈ કરવાની અને સાથે સાથે પિયત મંડળીઓની રચના ઝડપથી થાય તે દિશામાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

૨. **વધુમાં સમિતિ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદે આવેલા ૧૫ થી ૧૭ ગામોને પાણી મળી રહે તે માટે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની બનાસ નદી પર ડેમ બનાવવાની, તાપી નદીના પીપળોદ ગામ તથા આસપાસમાં ઉનાળામાં પાણી મળતું નથી તો ત્યાં ચેકડેમો બનાવવાની, ફતેપુરા અને સંજેલી તાલુકાની વચ્ચે તળાવો બનાવવાની, નહેરો ઉપરના ગેટ જે જુના પુરાણા થઇ ગયા હોય તેને રિપેરિંગ કરાવવાની કે નવા બનાવવાની તથા ઉચ્છલ, નિઝર અને સોનગઢમાં મંજૂર થયેલી સિંચાઇ યોજનાઓ ઝડપથી ચાલુ થાય તે માટે યોગ્ય પગલાં લેવા ભલામણ કરે છે.**

૩. **સમિતિને લાગે છે કે જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે તૈયાર થયેલ ભાણાસીમલ ખાતેથી ગ્રેવીટીથી પાણી પહોંચાડવામાં આવે તો સંતરામપુર તથા આજુબાજુના ૨૫ ગામોને પાણી મળી રહે તેમ છે અને કેનાલોમાં થતા લીકેજના પરિણામે પાણીનો બગાડ થાય છે તે પણ અટકાવી શકાય આથી આ અંગે જરૂરી કાર્યવાહી કરવા પણ સમિતિ ભલામણ કરે છે.**

૪. પાણી પુરવઠા પ્રભાગે ટ્રાયબલ વિસ્તારમાં પાણી પુરવઠા સંબંધિત કઇ કઇ યોજનાઓ ચાલે છે તે અંગેનું ટૂંકુ પ્રેઝન્ટેશન સમિતિ સમક્ષ રજૂ કર્યું હતું.

૫. વિભાગે માહિતી આપી હતી કે ટ્રાયબલ વિસ્તારના ૮૫% ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે એક વર્ષની અંદર પાણી આપવા પ્રભાગ સક્ષમ થઈ જશે. આ તબક્કે, આદિજાતિ વિસ્તારમાં ૧૭,૮૫,૮૦૭ ઘરોને નળ જોડાણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે પરંતુ હાલમાં વ્યક્તિગત પાણી પુરવઠા

યોજના અન્વયે ૩૫૧૧ ગામોને તેનો લાભ મળ્યો છે. એમાં કેટલીક મીની યોજના, હેન્ડપંપ ચાલતા નથી એના માટેની વૈકલ્પિક વ્યવસ્થા થવી જોઇએ તે બાબતે સમિતિ તરફથી માહિતી માંગવામાં આવતા વિભાગ તરફથી જણાવવામાં આવ્યું હતુ કે જૂથ પાણી પુરવઠા યોજના મારફતે શક્ય તે તમામને પાણી આપવામાં આવશે. જે ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજનામાં એક યા બીજા કારણોસર પાણી આપી શકાતું નથી તે ગામોને મીની યોજના હેઠળ આવરી લેવાની બાબત વિચારણા હેઠળ હોવાનું અને જે ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજનાનું પાણી પહોંચી ગયું છે તેવા ગામોમાં આંતરિક પાણી પુરવઠાની વિતરણ વ્યવસ્થા સુનિચ્છિત કરવામાં આવશે.

૬. સમિતિએ પૃચ્છા કરી કે, મિકેનીકલ વિભાગવાળા નાની યોજના બનાવે અને વાસ્મોવાળા પણ બનાવે પરંતુ એ બંનેનું સંકલન થાય તે જરૂરી છે, જેના પ્રત્યુત્તરમાં વિભાગે જણાવ્યું કે અમારી ત્રણ શાખાઓ છે સિવિલ, મિકેનીકલ અને વાસ્મો એ સિવાય નાના મોટા કામો બીજા વિભાગવાળા કરતાં હોય છે. વિભાગ આ બધી યોજનાઓને સંકલિત કરીને તેની સંચાલન વ્યવસ્થા સુનિશ્ચિત થાય તે દિશામાં પ્રયત્નશીલ છે.

૭. સુર્યશકિતથી વીજળીનું ઉત્પાદન કરી તેના થકી જ્યાં જરૂરી હોય ત્યાં પાણી પુરવઠો પુરો પાડવાનું આયોજન છે તેવું વિભાગે જણાવતાં સમિતિએ જાણવા માગ્યું હતુ કે સુર્યશકિત દિવસના હોય તો રાતના સમયે શું વ્યવસ્થા છે તેના જવાબમાં વિભાગે જણાવ્યું હતું કે જ્યારે સૌર ઉર્જા હોય ત્યારે સૌર ઉર્જામાં વધારે ઉત્પાદન કરીને તેને ગ્રીડમાં આપી દઇને અને રાત્રે વીજપુરવઠો ગ્રીડમાંથી લઈને એટલે કે એનર્જી મેનેજમેન્ટ થકી પાણી પુરૂ પાડવાની સરકારમાં વિચારણા ચાલે છે. સરકાર આવનારા દિવસોમાં એક નક્કર નીતિ જાહેર કરશે.

૮. **સમિતિ વરસાદી વિસ્તારોમાં સૌર ઉર્જાની યોજનાનો લાભ ન મળી શકે તેમ હોય ત્યાં અન્ય કોઈ રીતે વૈકલ્પિક વ્યવસ્થા કરીને વીજપુરવઠાથી આવા વિસ્તારોને જોડવાની ભલામણ કરે છે.**

૯. સમિતિએ વિભાગનું ધ્યાન દોર્યુ હતુ કે ફતેપુરાની અંદર બાલાસિનોર યોજના છે તેની નજીકની સ્કૂલોને કનેકશન આપી દેવામાં આવે તો ત્યાંજ પાણી

મળી રહે અને બાળકોને લાભ થાય. સંજેલી તાલુકાના ૧૮ ગામોમાં પીવાના પાણીની યોજના અને નળ કનેકશન આપવાનું ઘણાં સમયથી બાકી છે. વાસ્મો દ્વારા ૨૦૧૨-૧૩થી કામગીરી ચાલે છે પરંતુ આ યોજના હજુ સુધી સાકાર થઈ નથી. સમિતિએ વધુમાં ધ્યાન દોર્યુ હતું કે છોટાઉદેપુર જિલ્લા તથા નસવાડી તાલુકાના ૪૦ ગામો ડુંગરાળ એરિયામાં આવેલા છે ત્યાં પાઈપલાઈન મારફત પાણી જઈ શકે તેવી પરિસ્થિતિ ન હોઈ ત્યાં હેન્ડપંપ કરાવવામાં આવ્યા છે. વધુમાં, **જયોતિગ્રામ યોજનાથી દરેક ગામમાં લાઈટો પહોંચી છે તો હેન્ડપંપ નાંખવાની જગ્યાએ મોટર આપવામાં આવે તો સારૂ કારણ કે પાણી મેળવવા માટે ૩૦૦ ફૂટનું શારકામ કરવું પડે છે પરંતુ પાઈપ ૧૦૦ ફૂટ નાંખવામાં આવે છે એટલે હેન્ડપંપ ફેઈલ જાય છે. આથી સમિતિ બે-પાંચ ઘરદીઠ એક મોટર નાંખવાની ભલામણ કરે છે.**

૧૦. સમિતિએ દાહોદ અને મહીસાગર જીલ્લામાં આદિવાસી વસ્તી ધરાવતા હોય તેવા અંતરિયાળ, પર્વતીય અને કોતરયુક્ત વિસ્તારોમાં આવેલ અને આયોજન હેઠળની સિંચાઈ સુવિધાઓ, મોટી અને નાની ઉદ્ધવહન યોજનાઓ, નાના અને મોટા ચેકડેમો અને નાના સિંચાઈ કૂવાના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. **સમિતિ દાહોદ અને મહીસાગર જીલ્લામાં ચાલતી સિંચાઈ યોજનાઓના આયોજનમાં સ્થાનિક આગેવાનોનો સહકાર લઈને સિંચાઈની યોજનાઓનું કાર્ય સમયસર પૂર્ણ કરવા તેમજ વધુમાં વધુ લોકો સુધી આ યોજનાઓનો લાભ પહોંચે તે દિશામાં જરૂરી કાર્યવાહી કરવા ભલામણ કરે છે.**

૧૧. સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે, **સંતરામપુર તાલુકાના ૨૬ ગામોના પાણી પુરવઠાનો વહીવટ દાહોદથી થાય છે પરિણામે આ વિસ્તારોના પ્રશ્નો પરત્વે પર્યાપ્ત ધ્યાન આપવામાં આવતું નથી. આથી આ ગામોના પ્રશ્નોના ઉકેલ માટે તેમને લુણાવાડા સાથે જોડી દેવા જોઈએ તેમ સમિતિને લાગે છે. આથી તે સંબંધે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૨. સમિતિએ પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં સિંચાઈના નવા આયોજન અંગે પૃચ્છા કરતા વિભાગે જણાવ્યું કે **પંચમહાલ જિલ્લામાં પાનમ ડેમ આધારિત હાઈલેવલ લીફ્ટ ઈરીગેશન યોજના છે જે હાલ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે અને અરવલ્લી જિલ્લામાં મેશ્વો જળાશય આધારિત યોજના હાલ વહીવટી મંજૂરીની**

**પ્રક્રિયા હેઠળ છે. આ યોજના મારફત પાણી ઉદ્દવહન કરી ભીલોડાના ૨૧ અને મેઘરજના ૨ એમ કુલ ૨૩ તળાવો ભરવામાં આવશે જેનાથી ૧૨૩૦ હેકટર વિસ્તારને ફાયદો થશે, ઉપરાંત માલપુર, મોડાસા, મેઘરજના ડાબા કાંઠા અને જમણા કાંઠાના ૪૮ તળાવો ભરવાની યોજના છે જેના થકી ૧૨૫૭ હેકટર વિસ્તારને તેનો લાભ મળશે. આ યોજનાઓ ઝડપથી પૂર્ણ થાય તે માટે ઝડપથી કાર્યવાહી પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૩. સમિતિએ વિભાગને નવા ચેકડેમો કરતા તેમની જાળવણી પર વધુ ભાર મુકવા અને સુજલામ સુફલામ જળ અભિયાનમાં નાના ચેકડેમોના રિપેરીંગ અને ડીશીલ્ટીંગની કાર્યવાહી ધાર્યા પ્રમાણે થતી ન હોઇ તેની જાળવણી માટે બજેટમાં વધુ રૂપિયાની જોગવાઇ કરવા જણાવાતા વિભાગે ટ્રાઇબલ સબ પ્લાન હેઠળના બનાવેલા ચેકડેમોની જાળવણી માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ ન આપતા હોવાનું સમિતિને જણાવવામાં આવ્યું હતું. **જાળવણીની ગ્રાન્ટ ફાળવવા સંબંધમાં બંને વિભાગના સચિવ કક્ષાએ સંકલન કરી તેનું નિરાકરણ લાવવા સમિતિ આથી ભલામણ કરે છે.**

૧૪. સમિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં સિંચાઇની સુવિધા વિશે પૃચ્છા કરતા વિભાગે જણાવ્યું કે, છોટા ઉદેપુર જિલ્લામાં કુલ ૪૧૪૪ કામો કરીને ૩૩૭૨૫ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે. સમિતિએ **છોટા ઉદેપુર જિલ્લામાં સિંચાઇની કેનાલો તુટી ગયેલ હોઇ તેમજ તેમાં સિલ્ટીંગની સમસ્યા હોવા બાબતે વિભાગનું ધ્યાન દોરતા વિભાગે સુજલામ સુફલામ યોજનામાં આ કેનાલોનું રિપેરીંગ અને ડીસિલ્ટીંગનુ કામ કરાવવાની ખાતરી આપી હતી. આ સંબંધમાં શું કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૫. સમિતિએ **નવસારીમાં નવા આકાર લઈ રહેલ વાઘરેજ ડેમ વિશે પૃચ્છા કરતા વિભાગે જણાવેલ કે આ ડેમ સરકારમાં મંજૂરીની કક્ષાએ છે, મંજૂરી મળી જાય એટલે તરત જ કામ શરૂ કરી દેવામાં આવશે. આ સંબંધમાં થયેલ પ્રગતિની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૬. સમિતિએ વિભાગને **નવા ચેકડેમોની જાળવણી કરવા, ખાસ કરીને ચેકડેમોના દરવાજાની વધુ વરસાદના કારણે કિનારા ધોવાઈ જતા હોવાની સમસ્યા હોય છે તો તેને રીપેરીંગ કરાવવાનું અને આવા કામોના કોન્ટ્રાક્ટ આપવામાં સ્થાનિક મંડળીઓને પ્રાથમિકતા આપવાનું પણ સૂચન કર્યું. વિભાગે મંડળીઓને ૮ લાખ સુધીના જ કામો આપવાની સરકારની જોગવાઈ હોવાનું જણાવતા આ બાબતે સમિતિએ સ્થાનિક મંડળીઓને અપાતા કામોની રકમની મર્યાદામાં વધારો કરવા બાબતે વિચારણા કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૭. સમિતિને જણાવવામાં આવ્યું હતું કે, **નવસારી જિલ્લામાં દમણગંગા આધારિત યોજના અને કાકરાપાર આધારિત યોજના મારફત પાણી પહોંચાડવાની વ્યવસ્થા થઈ રહી છે. તો આ કામગીરી પૂર્ણ થઈ કે કેમ તે અંગે સમિતિને માહિતી પૂરી પાડવા સમિતિ ભલામણ કરે છે.**

૧૮. સમિતિ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકના ગુજરાત ગેસ લિમિટેડના પ્રતિનિધિઓનો તથા નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના અધિકારીઓ ઉપરાંત અન્ય પ્રતિનિધિઓનો, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી માહિતી આપવા અને સાથ-સહકાર આપવા બદલ તેમનો આભાર માને છે., તેમજ સમિતિને મદદરૂપ થવા બદલ સમિતિના અધિકારી/કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

ગાંધીનગર
તા.૧૦મી માર્ચ, ૨૦૨૨

**મોહનભાઈ ઢોડિયા**
પ્રમુખ
અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ
માટેની સમિતિ

# સમિતિની ભલામણો

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

## (ગુજરાત ગેસ લિમિટેડ)

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૫ | વિભાગના પ્રતિનિધિએ આપેલ ખાતરી મુજબ અનુસૂચિત જનજાતિના યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને હવે પછીની ભરતીમાં પ્રાધાન્ય આપવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૭ | વાપી અને કપરાડા તાલુકો ગેસ વિતરણની બાબતમાં નાસિક સાથે મહારાષ્ટ્ર નેચરલ ગેસ લિમિટેડથી જોડાયેલો છે જેના કારણે ખુબ મુશ્કેલી પડતી હોવાની રજૂઆત સભ્યશ્રીઓ તરફથી કરવામાં આવી હતી. આથી તેને અલગ કરીને ગુજરાતના વિસ્તારમાં લઈ લેવાની સમિતિ ભલામણ કરે છે. |

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૧ | નદી આધારિત સિંચાઇ માટે જે નાના ચેકડેમો છે તેના સ્થાને જળ સંગ્રહ માટે મોટા ચેકડેમો બનાવવાની, લીફ્ટ ઇરીગેશન કરવાની તાતી જરૂરિયાત છે આથી નાના ખેડૂતોને સિંચાઇના પાણીની સુવિધા મળી રહે તે માટે બજેટમાં તેની જોગવાઇ કરવાની અને સાથે સાથે પિયત મંડળીઓની રચના ઝડપથી થાય તે દિશામાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૨ | સમિતિ મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદે આવેલા ૧૫ થી ૧૭ ગામોને પાણી મળી રહે તે માટે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની બનાસ નદી પર ડેમ બનાવવાની, તાપી નદીના પીપળોદ ગામ તથા આસપાસમાં ઉનાળામાં પાણી મળતું નથી તો ત્યાં ચેકડેમો બનાવવાની, ફતેપુરા અને સંજેલી તાલુકાની વચ્ચે તળાવો બનાવવાની, નહેરો ઉપરના ગેટ જે જુના પુરાણા થઇ ગયા હોય તેને રિપેરિંગ કરાવવાની કે નવા બનાવવાની તથા ઉચ્છલ, નિઝર અને સોનગઢમાં મંજૂર થયેલી સિંચાઇ યોજનાઓ ઝડપથી ચાલુ થાય તે માટે યોગ્ય પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૩ | જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે તૈયાર થયેલ ભાણાસીમલ ખાતેથી ગ્રેવીટીથી પાણી પહોંચાડવામાં આવે તો સંતરામપુર તથા આજુબાજુના ૨૫ ગામોને પાણી મળી રહે તેમ છે અને કેનાલોમાં થતા લીકેજના પરિણામે પાણીનો બગાડ થાય છે તે પણ અટકાવી શકાય આથી આ અંગે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૪ | ૮ | સમિતિ વરસાદી વિસ્તારોમાં સૌર ઉર્જાની યોજનાનો લાભ ન મળી શકે તેમ હોય ત્યાં અન્ય કોઈ રીતે વૈકલ્પિક વ્યવસ્થા કરીને વીજ પુરવઠાથી આવા વિસ્તારોને જોડવાની ભલામણ કરે છે. |
| ૫ | ૯ | જયોતિગ્રામ યોજનાથી દરેક ગામમાં લાઈટો પહોંચી છે તો હેન્ડપંપ નાંખવાની જગ્યાએ મોટર આપવામાં આવે તો સારૂ કારણ કે પાણી મેળવવા માટે ૩૦૦ ફૂટનું શારકામ કરવું પડે છે પરંતુ પાઇપ ૧૦૦ ફૂટ નાંખવામાં આવે છે એટલે હેન્ડપંપ ફેઇલ જાય છે. આથી સમિતિ બે–પાંચ ઘરદીઠ એક મોટર નાંખવાની ભલામણ કરે છે. |
| ૬ | ૧૦ | સમિતિ દાહોદ અને મહીસાગર જીલ્લામાં ચાલતી સિંચાઇ યોજનાઓના આયોજનમાં સ્થાનિક આગેવાનોનો સહકાર લઇને સિંચાઈની યોજનાઓનું કાર્ય સમયસર પૂર્ણ કરવા તેમજ વધુમાં વધુ લોકો સુધી આ યોજનાઓનો લાભ પહોંચે તે દિશામાં જરૂરી કાર્યવાહી કરવા ભલામણ કરે છે. |
| ૭ | ૧૧ | સંતરામપુર તાલુકાના ૨૬ ગામોના પાણી પુરવઠાનો વહીવટ દાહોદથી થાય છે પરિણામે આ વિસ્તારોના પ્રશ્નો પરત્વે પર્યાપ્ત ધ્યાન આપવામાં આવતું નથી. આથી આ ગામોના પ્રશ્નોના ઉકેલ માટે તેમને લુણાવાડા સાથે જોડી દેવા જોઇએ તેમ સમિતિને લાગે છે. આથી તે સંબંધે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૮ | ૧૨ | પંચમહાલ જિલ્લામાં પાનમ ડેમ આધારિત હાઇલેવલ લીફ્ટ ઈરીગેશન યોજના તથા અરવલ્લી જિલ્લામાં મેશ્વો જળાશય આધારિત યોજના વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. આ યોજના મારફત પાણી ઉદ્‌વહન કરી ભીલોડાના ૨૧ અને મેઘરજના ૨ |

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| | | એમ કુલ ૨૩ તળાવો ભરવામાં આવશે જેનાથી ૧૨૩૦ હેક્ટર વિસ્તારને ફાયદો થશે, આ ઉપરાંત માલપુર, મોડાસા, મેઘરજના ડાબા કાંઠા અને જમણા કાંઠાના ૪૮ તળાવો ભરવાની યોજના છે જેના થકી ૧૨૫૭ હેક્ટર વિસ્તારને તેનો લાભ મળશે તેવા વિભાગના જવાબના અનુસંધાને સમિતિ આ યોજનાઓ ઝડપથી પૂર્ણ થાય તે માટેની કાર્યવાહી કરવા ભલામણ કરે છે. |
| ૯ | ૧૩ | જાળવણીની ગ્રાન્ટ ફાળવવા સંબંધમાં બંને વિભાગના સચિવ કક્ષાએ સંકલન કરી તેનું નિરાકરણ લાવવા સમિતિ આથી ભલામણ કરે છે. |
| ૧૦ | ૧૪ | છોટા ઉદેપુર જિલ્લામાં સિંચાઇની કેનાલો તુટી ગયેલ હોઇ તેમજ તેમાં સિલ્ટીંગની સમસ્યા હોવા બાબતે સુજલામ સુફલામ યોજનામાં આ કેનાલોનું  રિપેરીંગ અને ડીસિલ્ટીંગનુ કામ કરાવવા સંબંધમાં શું  કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૧ | ૧૫ | નવસારીમાં નવા આકાર લઈ રહેલ વાઘરેજ ડેમ વિશે થયેલ પ્રગતિની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૨ | ૧૬ | નવા ચેકડેમોની જાળવણી કરવા, ખાસ કરીને ચેકડેમોના દરવાજા વધુ વરસાદના કારણે કિનારા ધોવાઇ જતા તેને રીપેરીંગ કરાવવાનું, આવા કામોના કોન્ટ્રાક્ટ આપવામાં સ્થાનિક મંડળીઓને પ્રાથમિકતા આપવા અને આ મંડળીઓને ૮ લાખ સુધીના જ કામો આપવાની સરકારની જે જોગવાઇ છે તેમાં રકમની મર્યાદામાં વધારો કરવા બાબતે વિચારણા કરવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧૩ | ૧૭ | નવસારી જિલ્લામાં દમણગંગા આધારિત યોજના અને કાકરાપાર આધારિત યોજના મારફત પાણી પહોંચાડવાની વ્યવસ્થા થઈ રહી છે. તો આ કામગીરી પૂર્ણ થઈ કે કેમ તે અંગે સમિતિને માહિતી પૂરી પાડવા સમિતિ ભલામણ કરે છે. |

*******

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.